# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY R.C.C.I. Since 1954



## વી.પી. અનહેપી....

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ સાથે રાજકોટના પનોતા પુત્ર અને ગુજરાત રાજયના માનનીય પુર્વ મુખ્યમંત્રી સ્વ.શ્રી વિજયભાઈ રૂપાણીજી સાથેના સંભારણા....

જયારે જયારે વી.પી. વૈષ્ણવ સ્વ.વિજયભાઈ રૂપાણીજીને રૂબરૂ મળતા ત્યારે તેઓ પુછતા કે વી.પી. હેપી ત્યારે હું કહેતો કે હેપી.... પણ આજે વી.પી. અનહેપી......

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

અમદાવાદ ખાતે એર ઇન્ડિયાના વિમાન ક્રેશ દુર્ઘટનામાં ગુજરાત રાજયના માનનીય પુર્વ મુખ્યમંત્રી સ્વ.શ્રી વિજયભાઈ રૂપાણીજીનું દુ:ખદ અવશાન થયેલ છે. તેમની ચીર વિદાયને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ ઘેરા શોક અને દુ:ખની લાગણી વ્યકત કરી અશ્રુભીની શ્રધ્ધાંજલી પાઠવે છે. તેમજ તેમના પરિવાર પર આવી પડેલ આ વિયોગનું દુ:ખ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે તેવી પ્રાર્થના...

સ્વ.શ્રી વિજયભાઈ રૂપાણીજી સતત પ્રજા માટે ચીંતાશીલ રહેનાર, સરળ વ્યકિતત્વ જીવન ધરાવનાર અને એક કોમનમેનની છાપ છોડીને રાજકોટની પ્રજાને અચાનક જ અલવિદા કહી દેવાથી ખુબ જ આઘાત લાગ્યો છે. આવા ખમીરવંતાની વિદાયથી રાજકોટ-સૌરાષ્ટ્રને ખુબ જ મોટી ખોટ પડી છે. હજુ પણ માનવામાં આવતું નથી કે સ્વ.વિજયભાઈ આપણી વચ્ચે નથી રહયા, રાજકોટમાં કોઈ એવું ઘર નથી કે જયાં શોક છવાયો ન હોય, એ નગરસેવક હતા ત્યારે કે પછી મુખ્યમંત્રી બન્યા ત્યારે પણ માયાળુ અને સંવેદનશીલ રહયા છે. રાજકોટમાં નાનામાં નાના માણસને તેઓ સહજતાથી મળતા અને સૌને પોતાના જ માનતા.

તેઓશ્રીના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન હરહંમેશા ગાંધીનગર હોય કે રાજકોટ હોય ગમે ત્યારે રૂબરૂ મુલાકાતો આપતા અને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વેપાર-ઉધોગકારોના દરેક પ્રશ્નોને વાચા આપવામાં પુરતો સહયોગ આપ્યો હતો. રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે રહીને ગુજરાતના વિકાસને વેગવંતુ બનાવ્યું તેમજ રાજકોટની વિકાસને આગેકુચમાં તેઓનું મહત્વનું યોગદાન રહયું છે. જેમાં સૌની યોજના થકી શહેરનું જળ સંકટ હળવું કર્યું, એઈમ્સ, ઈન્ટરનેશનલ એરપોર્ટ, નવી જીઆઈડીસી, અનેક ઓવરબ્રીજો, અટલ સરોવર, સીસીટીવી આઈવે પ્રોજેકટ, સરકારી સ્કુલોનું આધુનીકરણ જેવા અનેકવિધ હજારો કરોડના વિકાસકામોની ભેટ આપી છે. આમ "મોસાળે જમણ અને માં પીરસનાર" સ્વ.વિજયભાઈએ રાજકોટને ઘણું બધુ આપ્યું છે... ત્યારે આપને અમો કયારેય નહી ભુલી શકીએ...

છેવાડાના માનવીની સેવામાં સદાય ઓતપ્રોત રહેલા એવા સ્વ.વિજયભાઈ રૂપાણીજી સાથે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવના સંભારણા જીદગીભર યાદ રહેશે.... તેમજ આ દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે તેવી પ્રાર્થના.... તેમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની અખબારી યાદીમાં જણાવેલ છે.